सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૩૦ જૂલાઈ - ૨૦૧૦ અંક-૧

## વાલીઓને......

આજથી સાડાત્રણ દાયકા અગાઉ ૧૦+૨ની નવી તરાહ શિક્ષણમાં આવી ત્યાર પછી આજે ફરીથી શિક્ષણના ક્ષેત્રમાં અસરકારક ફેરફારો આવી રહ્યા છે.

અગાઉ શ્રેણી ૧ થી ૪ પ્રાથમિક શાળાના વર્ગો તરીકે ઓળખાતા હતા. શ્રેણી ૫ થી ૭ ના વર્ગો મીડલ સ્કુલ તરીકે ઓળખાતા અને શ્રેણી ૮ થી ૧૧ના વર્ગો હાઈસ્કુલના વર્ગો તરીકે ઓળખાતા હતા તેને બદલે નવી તરાહ આવતા શ્રેણી ૧ થી ૭ના વર્ગો પ્રાથમિક શાળાના વર્ગો તરીકે જ રહ્યા પરંતુ શ્રેણી ૮ થી ૧૦ માધ્યમિક વિભાગ અને શ્રેણી ૧૧ અને ૧૨ ઉચ્ચતર માધ્યમિક વિભાગ તરીકે ઓળખાવા લાગ્યા. સાથે સાથે કોલેજના સ્નાતક થવા માટે ચાર વર્ષને બદલે ત્રણ વર્ષ કરવાના થયા.

આથી કોલેજનો એક વર્ગ ઘટતા જે શિક્ષકો પાસે કામ ન રહ્યું તેમને સુપરન્યુમરરી શિક્ષક તરીકે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સમાવવાનું માળખું ગોઠવાયું. અને શ્રેણી ૧૧નું એક વર્ષ હાઈસ્કુલ વિભાગમાંથી ઓછું થતા જે શિક્ષકો પાસે કામ ન રહ્યું તેઓ ફાજલ શિક્ષકો તરીકે ઓળખાયા.

કાળક્રમે સુપરન્યુમરરી શિક્ષકો તો કોલેજમાં લેવાતા ગયા પરંતુ ફાજલ શિક્ષકોને તેમની ખાલી પડતી જગા ઉપર પાછા લેવાનું નક્કી થયું હતું પરંતુ આ કામચલાઉ વ્યવસ્થાની જગાએ જ્યારે જ્યારે કોઈપણ શાળાના વર્ગો ઘટે ત્યારે જ તે શિક્ષકોને ફાજલ તરીકે ગણવામાં આવ્યા અને તેમને જે શાળામાં ખાલી જગા પડતી હોય ત્યાં મુકવામાં આવ્યા. આને કારણે માધ્યમિક શિક્ષણમાં ભ્રષ્ટાચાર વ્યાપક બન્યો અને તેથી જે નુકશાન વેઠવું પડયું છે તે અકલ્પ્ય છે. આ વ્યવસ્થાથી શાળાઓનું શિક્ષણ કથળતું ગયું અને વાલીઓ માટે પોતાના બાળકનું શિક્ષણ ન બગડે તે માટે અન્ય વ્યવસ્થા કરવાનું જરૂરી બન્યું જેથી ટ્યુટોરીયલ કલાસીસનો રાફડો ફાટયો.

હવે જે આયોજન વિચારાયું છે તેમાં શ્રેણી ૮ ને પ્રાથમિક વિભાગમાં લઈ જવા વિચારવામાં આવ્યું છે અને ક્રમિક રીતે આ આયોજનનો અમલ થવાનો છે.

આ ઉપરાંત જે ફેરફારો આવી રહ્યા છે તેમાં જાહેર પરીક્ષામાં બોર્ડમાં ટોપર્સની યાદી બંધ કરવાનો સારો નિર્ણય લેવાયો છે. શ્રેણી-૧૦માં મહત્વના પાંચ વિષયો જ રાખવાનું નક્કી થયું છે જેમાં ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયો રહેશે અને વિજ્ઞાન પ્રવાહમાં સેમીસ્ટર પદ્ધતિ દાખલ કરવાં આવશે. પ્રશ્નપત્રમાં ૫૦ માર્ક સૈધ્ધાંતિક અને ૫૦ માર્કની પરીક્ષા OMR થી લેવાનું વિચારાયું છે. આ અંગેની અધિકૃત વિગતો શાળાઓને પહોંચી નથી પરંતુ ટૂંક સમયમાં આ માહિતી મળશે તેવી અપેક્ષા છે.

દિનુભાઈ દવે

## સ્મૃતિચિત્રો

### આચાર્યશ્રી રજનીશજી સાથે રીક્ષાનો લ્હાવો ......

આજથી સાડાચાર દાયકા પહેલાની વાત છે. ત્યારે આચાર્યશ્રી રજનીશજીનું નામ અમદાવાદમાં ખાસ કોઈ જાણતું ન હતું. તે સમયે તેઓશ્રીની સાથે રીક્ષામાં તેમને શારદામંદિરમાં લાવવાનો પ્રસંગ આજે યાદ આવે છે.

શ્રીમતી તારાબેન ત્રિવેદી આ સંસ્થાની હાઈસ્કુલના ઉપરના વર્ગોમાં અંગ્રેજી વિષય શીખવવાની માનદ્ સેવા આપતા હતા. શારદામંદિર માટે તેમને ખૂબ લાગણી. તેઓ અમદાવાદની બહેનો માટેની સંસ્થા બી.ડી.કોલેજમાં પણ અધ્યાપન માટે જતા હતા.

પર્યુષણના દિવસોના ગાળામાં જ તેમનો ફોન આવ્યો કે આજે બી.ડી.કોલેજમાં અત્યંત પ્રભાવશાળી વક્તાને સાંભળ્યા એટલે શારદામંદિરમાં વિદ્યાર્થીઓ પાસે તેમને કાર્યક્રમ માટે બોલાવો તો સૌને ગમશે. સાથે સાથે તેમણે રજનીશજીનો સંપર્ક થઈ શકે તે માટેનો ટેલીફોન નંબર પણ આપ્યો.

મેં બીજે દિવસે ટેલીફોનથી રજનીશજીનો સંપર્ક સાધ્યો અને તેમણે શારદામંદિરમાં આવવાની મારી વિનંતી બહુ જ સહજતાથી સ્વીકારી અને તેમણે સમય નક્કી કર્યો તે પ્રમાણે હું તેમને લેવા ગયો.

એ દિવસોમાં હું વાહન માટે સ્કુટરનો ઉપયોગ કરતો હતો એટલે તેમને રીક્ષામાં લાવવાનું વિચાર્યું. રીક્ષા લઈને તેમને લેવા માટે ગયો.

પ્રથમ દ્રષ્ટિએ મારી છાપ એવી પડી કે આ કોઈ જૈન મહારાજસાહેબ હશે. તેમનું સફેદ વસ્ત્ર અને એ પર્યુષણના દિવસો હોઈ હું આવું અનુમાન કરું તે સ્વાભાવિક છે. હું તેમને રીક્ષામાં લઈને શારદામંદિરમાં આવ્યો અને નવા પ્રાર્થનામંદિરમાં તેમણે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું. ખરેખર અત્યંત પ્રભાવશાળી વક્તા તરીકે તેમનું પ્રવચન સાંભળવાનો લ્હાવો અમને મળ્યો.

ત્યારપછી તો અમદાવાદમાં તેમના અન્ય કાર્યક્રમો ગોઠવાતા ગયા અને તેમનું નામ જાણીતું થઈ ગયું.

તેઓના પ્રવચન સાંભળવા માટે જે કાર્યક્રમ થતો તેમાં તેમને સાંભળવાનો લાભ કેટલાક કાર્યક્રમોમાં હું લેતો. પરંતુ આ સિવાય કયારેય મળવાનું થયેલું નહી. પરંતુ મારા નજીકના સ્નેહી અને મિત્ર પાલનપુરની વિવિધલક્ષી વિદ્યામંદિરના નિયામક શ્રી સૂર્યકાન્તભાઈ પરીખ કે જેઓ દિનેશ હોલ પાસે ચંદ્રદર્શન ફલેટમાં રહેતા હતા તેમની સાથે તેમને ઘણી ચર્ચાઓ થતી અને તે વિશે શ્રી સૂર્યકાન્તભાઈ તેમની વાતો કરતા. સૂર્યકાન્તભાઈનું કહેવું હતું કે તેઓ પુષ્કળ વાંચન કરે છે.

ત્યારપછી તો તેઓ પૂરા ભારતમાં છવાઈ ગયા. અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ તેઓએ જે કાંઈ પ્રવૃત્તિ કરી તેનાથી આપણે સૌ પરિચિત છીએ. આવા એક મહાનુભાવ સાથે રીક્ષામાં થોડોક સમય અમદાવાદના રસ્તાઓ ઉપર ફરવાનું થયું તે સ્મૃતિ ખૂબ રોમાંચિત લાગે તે સ્વાભાવિક છે.

દિનુભાઈ દવે

## 'આ છોકરાંઓને થયું છે શું ?'

'બેન ! આપણી આટલી સારી કહેવાતી સ્કૂલ, પણ એમાં બાથરૂમની ભારે મુશ્કેલી છે. તમે માનશો ? છોકરાંઓને કેટલી તકલીફ પડે છે ? જીવનની એ એક મહત્વની જરૂરીયાત છે, મારી દીકરીને તો એને કારણે તબિયત પર અસર થઈ ગઈ છે ને ડૉક્ટરની ટ્રીટમેન્ટ કરવી પડે છે. ચોખ્ખા ને સગવડભર્યા બાથરૂમ એ તો ખાસ જરૂરી છે, છોકરાં પાંચ છ કલાક સુધી સ્કૂલમાં રહે, એના વિના કેવી રીતે ચાલે !'

સાફસૂફી માટે આખા દિવસના માણસની ય વ્યવસ્થા કરી પણ સાફ કરનાર માણસ એક અને એ બાથરૂમો વાપરનાર અનેક, વાપરનાર અનેક હોય એનો વાંધો નહીં, પણ વ્યવસ્થિત વાપરવાની ચીવટ રાખે તો પણ વાંધો ન આવે, પણ આ તો 'સહિયારી સાસુ ને ઉકરડે મોંકાણ' જેવી વાત થાય.. આપણે ત્યાં.. આપણું પોતાનું ન હોય તેની વળી કાળજી કરવાનું ક્યારેય શીખવવામાં આવે છે ખરું ! ક્યાં આપણા ઘરના બાથરૂમ છે ! ઘરમાં તો બાથરૂમ ગંદા થાય તો મમ્મી ટોકે, લડે પણ ખરી, પણ અહીં ! અહીં કોને ખબર પડવાની છે ! છોકરાંઓની મનોવૃત્તિ પણ કેવી હોય છે ! ઘેર ખૂબ સારી બાથરૂમ વાપરવા ટેવાયેલા એ વિદ્યાર્થીઓ ઘેર બાથરૂમ ચોખ્ખા રાખે, એ જ છોકરાંઓ સ્કૂલમાં કેમ ગંદકી એમની એમ છોડીને બહાર નીકળે ! પાણી તો આવતું હોય.. પાણીનો ઉપયોગ કેમ ન કરે ! એમને અંદરથી એમ ન થાય ! કે એક નાગરિક તરીકે આપણી આ ફરજ છે ! નાનપણથી નાગરિકશાસ્ત્રમાં શીખવાતા પાઠ શું માત્ર 'પોથીમાના રીંગણાની' જેમ ચોપડીમાં રાખવા પૂરતા ને પરીક્ષામાં માર્ક્સ્ મેળવવા પૂરતાં જ હોય છે ! જીવનમાં એ જો અપનાવી ન શકાય તો એના જ્ઞાનનો ફાયદો પણ શું ? અને મારે વારંવાર માબાપને, વિદ્યાર્થીઓને કહેવું પડે કે તમારે ચોખ્ખા બાથરૂમ જોઈએ તો તે તમારે જ ચોખ્ખા રાખવા પડશે, જાપાનમાં તો આ કામ સૌ પોતે જ કરે છે અને એ સાંભળી માબાપ ભડકી ઉઠે.. 'શું અમારા છોકરાં આવું કામ કરે ?...' આવું કામ ન કરે તો બેદરકારીભરી રીતે વધુ ગંદકી કરીને સાફ કરનારનું કામ તો મુશ્કેલ ન જ બનાવે ને ! એ પણ માણસ છે ને ! એને ય સૂગ ન ચઢે !

અને આ બધી મથામણ પછી હાઈસ્કૂલ માટે સારો એવો ખર્ચ કરી ખૂબ સરસ નવા બાથરૂમો બનાવ્યા. વિદ્યાર્થીઓને બધી જ સગવડ મળી રહે એનો સંપૂર્ણપણે વિચાર કર્યો, પાણીની પણ સરસ સુવિધા કરી, એક હાશ અનુભવી... હવે બાથરૂમની ફરીયાદ નહીં રહે.. ચાલો છોકરાંઓને હવે ઘણી સુગમતા રહેશે આ સરસ કામ થયું, ભલે ખર્ચ ઘણો થયો, પણ એમને હવે શાંતિ તો રહેશે ને ફરીયાદનો પ્રશ્ન રહેશે નહી. લગભગ આખું વેકેશન લગાતાર આની પાછળ મહેનત કરી અને સ્કૂલ ખુલી એટલે એવી અપેક્ષા હતી કે વિદ્યાર્થીઓ આવી સરસ બાથરૂમો જોઈ ખૂબ ખુશ થઈ જશે.

પણ એ પ્રથમ જ દિવસ.. ! એકાદ બે વિકૃત મનોવૃત્તિ ધરાવતા વિદ્યાર્થીઓએ મેઈન કોક જ મચડીને ખુલ્લો મૂકી દીધો. હજી તો સ્કૂલ શરૂ થયે માંડ દોઢ બે કલાક થયાં હશે ને બૂમ પડી,બાથરૂમમાં પાણી નથી આવતું હવે ? શું કરી શકાય ? મ્યુનિસિપાલીટીનું પાણી તો છેક સાંજે આવે.. ફરી પાછી એની એ જ પરિસ્થિતિ..! ત્યાં તો બીજે દિવસે સાફ કરવાવાળી બાઈ આવીને ફરીયાદ કરવા માંડી 'બેન ! કાલથી હું બાથરૂમો સાફ નહીં કરું... છોકરાંઓએ તો આ નવાનકોર બારણાને ગંદા બૂટથી લાતો મારીને કાદવવાળા કરી મૂક્યાં છે, એ કેવી રીતે સાફ થાય ! મને પણ એક બહુ સખત આઘાત લાગ્યો. આઠમા નવમા ને દસમા અગિયારમા બારમાના વિદ્યાર્થીઓ કંઈ નાના તો નથી જ કે તેમને આવી વસ્તુ સમજાવવી પડે... એમનું મગજ કેમ આમ ઉંધી દીશામાં જ દોડે છે, કંઈ સમજાતું નથી.. જ્યાં જુઓ ત્યાં અજંપો, ઉકળાટ, બંડખોર વૃત્તિ.. વિરોધ.. અરે ! એક છોકરો તો પંખે લટકી ગયો ને પાંખિયા વાળી નાખ્યા.. પછી વાલી ફરીયાદ કરતાં આવે... પંખાથી હવા જ નથી આવતી પણ ક્યાંથી આવે ! વર્ગમાં સ્વીચ બોર્ડ ખૂબ ઉંચે લગાડયું હોય ત્હોય બેંચ ઉપર ચડીને તેને નુકશાન કર્યું જ હોય..અરે ! પગની લાત મારી કલાસના બારણાનું લાકડું પણ તોડી નાંખ્યું.. અને નાના કામ માટે કારીગર મળવા પણ કેટલા મુશ્કેલ છે ! આ બધી ભાંગફોડીયા વૃત્તિ આ વિદ્યાર્થીઓમાં આવે છે ક્યાંથી ? રોજ સાંજ પડે એટલે આઠ દસ છોકરાં અચૂક આવે જ 'બેન ! અમારી સાયકલમાંથી કોઈકે હવા કાઢી નાંખી છે', કોઈકને હેરાન કરવામાં, કોઈને મુશ્કેલી ઉભી કરવામાં આ વિદ્યાર્થીઓને શું આનંદ આવતો હશે તે જ સમજાતું નથી, એવા વિદ્યાર્થીને શોધીને એક બે વાર શિક્ષા કરીએ તો કદાચ દાખલો બેસે ને આવી મુશ્કેલી અટકે એ વિચારે વિદ્યાર્થીઓમાં પૂછપરછ કરીએ કે કોણ આવું કરે છે તે જણાવો.. તો કોઈ બોલે કે ચાલે.. દરેક વર્ગમાં આવી વિકૃત મનોદશા ધરાવતા બે ચાર વિદ્યાર્થી તો હોય જ પણ એમની ધાક પણ બીજા વિદ્યાર્થીઓ પર એવી હોય કે એની સામે આંગળી ચીંધતા ય સૌ કોઈ બ્હીએ.. અને અમારા હાથ હેઠા પડે.. આ અનિષ્ટને દૂર કેવી રીતે કરવું ? બહું મોટી સમસ્યા છે...

કિશોરાવસ્થા એ બહુ નાજુક અવસ્થા છે. છોકરાંઓમાં લાગણીનો ઉછળાટ વધે, અહમ્ પ્રબળ બને.. બીજી બાજુ માબાપ વિચારે, 'હવે છોકરાં મોટાં થયાં, બરાબર ભણે નહીં તો ન ચાલે, એટલે અત્યાર સુધી જે વ્હાલ ને માવજત મળતાં હતાં તેને બદલે વધુ રોકટોક પણ જાણે અજાણે ચાલુ થઈ જાય છે, બીજી બાજુ સ્કૂલમાં ભણવાનો ભાર તો ખરો જ, શિક્ષકો તરફથી ય પ્રેમ ક્યાંથી મળે ?.. ક્યારેક મળે.. પણ તે ય નસીબ હોય તો જ, કારણ કોર્સ પૂરો કરવાનું ટેન્શન કંઈ ઓછું હોય છે ! આ છોકરાંઓના હ્રદયની વાત સાંભળવાનો અને સમજવાનો કોઈને ય સમય છે ખરો ! એને માટે માબાપને ય ખ્યાલ છે ખરો ! અને પછી ટી.વી.ના દ્રશ્યોની અસર... એમનાં રોલ મોડેલ કોણ ! માબાપ સતત ફરીયાદ કરે છે, 'કોણ જાણે આજનાં છોકરાઓને થયું છે શું ? કોઈનું ય સાંભળતાં જ નથી. કોઈને ય ગાંઠતા જ નથી.. ધાર્યું જ કરે છે..'

આ જ સંતાનોને નાના હોય ત્યારે આપણે જ એટલા વધુ પડતાં લાડથી ઉછેર્યા હોય છે કે એમને આપણે કશામાં 'ના' સાંભળવાની ટેવ જ પાડી નથી હોતી. મોટાં થતાં જાય એમ બધું ધાર્યુ તો ન જ થઈ શકે, અને એટલે એવી પરિસ્થિતિ ઉભી થતા જ તેઓ તે સહન કરી શકતાં નથી અને એમનામાં બંડખોર વૃત્તિ આવે છે અને એ લોકો તોડફોડ કરે છે. કિશોરાવસ્થામાં થતી આ ઉપેક્ષા માટે આપણે માબાપ અને શિક્ષકો તેમને સમજાવાનો પ્રયત્ન કરી પ્રેમ અને હૂંફભર્યું વાતાવરણ પૂરું પાડી શકીએ તો !!! સતત એમની ઉપેક્ષા કરીને તેમને રોકટોક કરીને એમની પાસે સારા વર્તનની અપેક્ષા રાખીએ તેના કરતાં, તેમના મિત્ર બની એમનાં મનની મૂંઝવણોને સમજવાનો પ્રયત્ન તો કરી જોઈએ !... કિશોરાવાસ્થામાં થતાં હોરમોન્સના ફેરફારને કારણે તેમની લાગણીઓને પણ ખાસ્સી માવજતની જરૂર હોય છે, તેમની સાથે વાદવિવાદ કરતા કદાચ સંવાદ વધુ સફળ નિવડે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાનું ગૌરવ

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શાહ અર્ચિત અતુલભાઈએ** સી.એ.ફાઈનલમાં સમગ્ર ભારતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે તે માટે તેમને ખૂબ ધન્યવાદ.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગરનાં ઉપક્રમે આયોજીત GSO 2010 માં **રાવલ પાર્થ વિપુલભાઈ** ધો.૫ ને રૂ.૪૦૦/- નું ઈનામ તથા **શાહ દ્રષ્ટિ પરાગભાઈ** ધો.૬ ને રૂ.૪૦૦/- નું ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

તા.૧૭-૬-૧૦ને ગુરુવારથી બાલવાડીનું નવું સત્ર શરૂ થયું. નવા પ્રવેશ પામેલા બાળકો હવે ખૂબ સરસ રીતે ગોઠવાઈ ગયા છે. બાલમંદિરનાં વિશાળ પ્રાંગણમાં ક્રિડાંગણનાં સાધનો સાથે મુક્ત મને રમવા લાગ્યા છે, અને બાલમંદિરના રળિયામણાં વાતાવરણમાં ખેલવા ને કિલ્લોલવા લાગ્યા છે. શાળાનું આખું ય વાતાવરણ બાળકોના ખિલખિલાટ હાસ્ય અને મીઠા કલરવથી ગાજવા લાગ્યું છે અને તેમાં ભળ્યું છે સંગીત.બાળકોને સંગીત ખૂબ ગમે છે. સંગીત શરૂ થતાં જ બાળકો તેમાં તન્મય થઈ જાય છે, ઝૂમી ઉઠે છે. બાલવાડીમાં અપાતી પ્રવૃત્તિઓમાં હવે બાળકો રસપૂર્વક ભાગ લેતાં થયાં છે. આ નાના ભૂલકાઓને 'વાંદરો અને મગર', 'ઊંટ અને શિયાળ' જેવી બાળવાર્તાઓ સાંભળવી ખૂબ ગમે છે. રથયાત્રા નિમિત્તે ભગવાન જગન્નાથની કૃષ્ણ,બલરામ, સુભદ્રાની વાર્તા કહી 'જયરણછોડ માખણચોર' ની ધૂન બોલાવી.

## બાલમંદિર

તા.૧૪-૬-૧૦ને સોમવારથી બાલમંદિરનું નવું સત્ર શરૂ થયું. શાળાથી પરિચિત બાળકો ખુશખુશાલ વદને શાળામાં આવ્યા ને તેમનાં નવા વર્ગમાં જઈ નવા શિક્ષક સાથે ગોઠવાઈ ગયા. સંગીત બાળકોને ખૂબ ગમે છે.

તા.૧૨-૭-૧૦ને સોમવારે રથયાત્રા હતી તે નિમિત્તે એ તહેવારની સમજ સમૂહવાર્તા દ્વારા આપી.

તા.૧૫-૭-૧૦ના રોજ ગૌરીવ્રત નિમિત્તે બાળકોએ જવારા વાવ્યાં અને ગૌરીવ્રત નિમિતે નાનકડી બેનોએ રંગબેરંગી ચણીયા ચોળી પહેરી માથે જવારા મૂકી 'ગોરમાનો વર કેસરીયો' ગરબો ગાઈને ગોરોનો ઉત્સવ ઉજવ્યો.

તા.૨૪-૭-૧૦ને શનીવારે ગરૂપૂર્ણિમા નિમિત્તે ગુરુનું મહત્વ સમજાવી ગુરુદક્ષિણામાં અંગૂઠો કાપીને એકલવ્યએ આપેલી ગુરુદક્ષિણાની વાર્તા બાળકોને કહી.

બાળકોને કમ્પ્યૂટરની મદદથી ફળ, શાક, વરસાદ વિગેરે માહિતી શીખવાની ખૂબ મજા આવે છે અને વરસાદ આવતાં મેઘધનુષ કેવી રીતે થાય એ જાણતાં તો બાળકો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

**સૂચના :** બાલમંદિર 'બ' વિભાગ અને તાલીમના બાળકો માટે સમય સવારના ૧૧-૩૦ થી ૪-૧૫નો રહેશે.

વાલીએ બાલમંદિરમાં મળવા માટે બુધવાર અને શુક્રવારે બપોરે ૩ થી ૪ માં માત્ર ઓફિસમાં જયશ્રીબેનને મળવું.

**બાળગીતો અને અભિનય ગીતોની સી.ડી.**

બાલમંદિરમાં ગવાતાં બાળગીતો અને અભિનય ગીતોની સી.ડી. ઉપલબ્ધ છે. બાલમંદિર તેમજ નવા શારદામંદિરની મુખ્ય ઓફિસમાંથી તે મેળવી શકાશે. જેની કિંમત રૂ.૩૦/- છે.

## શિશુમંદિર

તા.૮-૭-૧૦ના રોજ ધો.૫-૬-૭ના મહામંત્રી અને ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | કશ્યપ ગોહેલ |
| | (બહેનો) | હેત્વી ત્રિવેદી |
| ઉપમંત્રી | (ભાઈઓ) | જોય પટેલ |
| | (બહેનો) | રિધ્ધિ વોરા |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | સ્મિત ભાવસાર |
| | | ઉપનેતા | પાર્શ્વ સખીદાસ |
| | (બહેનો) | નેતા | દ્રષ્ટિ શાહ |
| | | ઉપનેતા | નૈસર્ગી મહેતા |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | પર્વ રાવલ |
| | | ઉપનેતા | દ્વિજેશ શાહ |
| | (બહેનો) | નેતા | હિનમ જેઠવા |
| | | ઉપનેતા | અંકુર વાઘેલા |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | જયદીપ હાપલીયા |
| | | ઉપનેતા | મહર્ષ ગાંધી |
| | (બહેનો) | નેતા | પ્રિન્સી શાહ |
| | | ઉપનેતા | હેત્વી દેસાઈ |
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | દર્શન કાટવા |
| | | ઉપનેતા | પરમ પૂજારા |
| | (બહેનો) | નેતા | નિષ્ઠા દેસાઈ |
| | | ઉપનેતા | પંક્તિ આયર |

**સૂચના :** આપના પાલ્ય માટે શાળામાં મળવું હોય તો સોમવારથી શુક્રવાર બપોરે ૩ થી ૪ માં મુખ્ય ઓફિસમાં મળવું.

## SHARDAMANDIR MODERN SCHOOL

તા.૮-૭-૧૦ના રોજ મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થાય છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | વૈશલ શાહ |
| | (બહેનો) | ઝીલ પરમાર |
| ઉપમંત્રી | (ભાઈઓ) | નીલ મોદી |
| | (બહેનો) | પ્રાચી સોની |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| કદંબ | (ભાઈઓ) | નેતા | મંથન શાહ |
| | | ઉપનેતા | હર્ષિત શાહ |
| | (બહેનો) | નેતા | હેલી દલાલ |
| | | ઉપનેતા | વિધિ શાહ |
| અમલતાસ | (ભાઈઓ) | નેતા | સાગર શાહ |
| | | ઉપનેતા | ધ્રુવ નવલખા |
| | (બહેનો) | નેતા | ધ્રુવી કોન્ટ્રાકટર |
| | | ઉપનેતા | જાહનવી પટેલ |
| પલાશ | (ભાઈઓ) | નેતા | રૂચિર બુચ |
| | | ઉપનેતા | પાર્થ શાહ |
| | (બહેનો) | નેતા | ભાષા શાહ |
| | | ઉપનેતા | મહિમા નામા |
| પારિજાત | (ભાઈઓ) | નેતા | અનુરાગ દલાલ |
| | | ઉપનેતા | શૈલ રાવલ |
| | (બહેનો) | નેતા | શિવાની શાહ |
| | | ઉપનેતા | શ્રુતિ શાહ |

માર્ચ-૨૦૧૦માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ પ્રથમ વર્ષે ૯૨.૩૩ % આવ્યું છે.

## વિનયમંદિર

તા.૨૩-૬-૧૦ના રોજ ધો.૮-૯-૧૦ના મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | દેવર્ષિ વૈદ્ય |
| | (બહેનો) | અનેરી ઝવેરી |
| ઉપમંત્રી | (ભાઈઓ) | હર્ષ પરીખ |
| | (બહેનો) | સૃષ્ટિ ઠક્કર |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | હેત ઠક્કર |
| | | ઉપનેતા | યશ સોની |
| | (બહેનો) | નેતા | ત્વિષા ઓઝા |
| | | ઉપનેતા | નેન પટેલ |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | સંભવ શાહ |
| | | ઉપનેતા | શૈવલ દવે |
| | (બહેનો) | નેતા | નિશિ શાહ |
| | | ઉપનેતા | વિદિશા શાહ |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | હર્ષ સોની |
| | | ઉપનેતા | ઉત્સવ પટેલ |
| | (બહેનો) | નેતા | જાનકી પટેલ |
| | | ઉપનેતા | તુલા નાયક |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | રાજ પટેલ |
| | | ઉપનેતા | પાર્શ્વ ગાંધી |
| | (બહેનો) | નેતા | નમન ભટ્ટ |
| | | ઉપનેતા | હેતા કોન્ટ્રાકટર |

**એન.સી.સી. નેવી વિન્ગ જુનિયર ડિવિઝન**

૯, ગુજરાત બટાલીયન તરફથી કડી ખાતે યોજેલ CATC કેમ્પમાં શાળા તરફથી ૧૦ કેડેટ વિદ્યાર્થી મિત્રો ગયા. જેમણે ટ્રેનિંગ સાથે આનંદ મેળવ્યો. કેમ્પ પહેલી જુલાઈથી દસમી જુલાઈ સુધીનો હતો અને તેમણે એન.સી.સી.તાલીમ મેળવી.

**બોર્ડના પરિણામ :**

માર્ચ ૨૦૧૦માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહનું શાળાનું પરિણામ ૯૫.૪૫% આવ્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૭.૩૬% આવ્યું છે અને ન્યુ એસ.એસ.સી.નું શાળાનું પરિણામ ૯૭.૫૬% આવ્યું છે.

એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહમાં **શાહ ખુશ્બુ કીર્તિકુમાર** અમદાવાદ કેન્દ્રમાં દસમા ક્રમે આવ્યા છે તે માટે તેમને અભિનંદન.

એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં **શાહ ધ્રુમિલ આશિતભાઈ** અમદાવાદ કેન્દ્રમા નવમા ક્રમે અને **તલાટી હેમલ સુકેતુભાઈ** અમદાવાદ કેન્દ્રમાં દસમા ક્રમે આવ્યા છે તે માટે તેમને અભિનંદન.

**ઈનામો :**

શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર **પટેલ યત્ન પ્રતિકભાઈ** તથા **કાપડીયા નિધિ દેવેનભાઈ**ને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૨) એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **શાહ ખુશ્બુ કીર્તિકુમાર**ને સ્વ.પન્નાબેન ગાંધીના સ્મર્ણાર્થે રૂ.૧૨૫/-નું ઈનામ મળે છે.

(૩) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર **શાહ ધ્રુમિલ આશીતભાઈ**ને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૨૫/-મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી.,એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહ અને એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થિનીઓને સ્વ.તનુમતીબેન પટેલના સ્મર્ણાર્થે ઈનામ રૂ.૧૦૧/- મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી. | **કાપડીયા નિધિ દેવેનભાઈ** |
| (૨) | એચ.એસ.સી.વિ.પ્ર. | **શાહ ખુશ્બુ કીર્તિકુમાર** |
| (૩) | એચ.એસ.સી.સા.પ્ર. | **તલાટી હેમલ સુકેતુભાઈ** |

(૫) ન્યુ એસ.એસ.સી. શાળામાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર **પંડિત શીવમ્ હિતેશભાઈ**ને ઈનામ રૂ.૧૨૫/- તથા દ્વિતીય આવનાર **નવલખા અપર્ણા અજયભાઈ** તથા **શેરદલાલ ઋત્વિક નીતીનભાઈ**ને રૂ.૧૦૧/-ના ઈનામો સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનમાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવનાર **ટંકશાળી કરણ વિજયભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મર્ણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૭) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર **પટેલ યત્ન પ્રતિકભાઈ**ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૮) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમીનીસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર **મહેતા મૈથીલી ચંદ્રેશભાઈ** અને **શાહ વિદિત હિરેનભાઈ**ને રૂ.૧૨૫/-તથા દ્વિતીય આવનાર **તલાટી હેમલ સુકેતુભાઈ** અને **વાઘેલા કોમલ નટવરસિંહ**ને રૂ.૧૦૧/- નું ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૯) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરીના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **શાહ ખુશ્બુ કીર્તિકુમાર**ને રૂ.૧૦૧/- તથા મેડીકલના મેરીટ લીસ્ટમાં પ્રથમ આવનાર **વસાણી હેલી હિતેશભાઈ**ને રૂ.૧૦૧/- ના ઈનામ સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે મળે છે.

(૧૦) એચ.એસ.સી.માં કમ્પ્યૂટર વિષયમાં બહેનોમાં પ્રથમ આવનાર **શાહ ખુશ્બુ કીર્તિકુમાર**ને સ્વ.પ્રિયલ ઉપાધ્યાયના સ્મરણાર્થે રૂ.૧૦૧/-નું ઈનામ મળે છે.

(૧૧) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે પ્રથમ ઈનામ **પ્રિયંકા ઠાકર**ને રૂ.૧૨૫/- અને દ્વિતીય ઈનામ **નિનાદ બુચ**ને રૂ.૧૦૧/- મળે છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

**એકલવ્ય સ્કોલરશીપ :** એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦,૧૧ના બંને પ્રવાહમાં પ્રથમ આવનાર બહેનોને એકલવ્ય તરફથી સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | |
|---|---|---|
| (૧) | ક્રિશ્ના શાહ | ધો.૮ |
| (૨) | કૃતિ શાહ | ધો.૯ |
| (૩) | નિધિ કાપડિયા | ધો.૧૦ |
| (૪) | પલક મહેતા | ધો.૧૧ સા.પ્ર. |
| (૫) | ઈશીતા શાહ | ધો.૧૧ વિ.પ્ર. |

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : sharda.mandir@yahoo.com